રજુ તારીખ : ૦૪/૦૧/૨૦૧૭
નોંધ્યા તારીખ : ૦૪/૦૧/૨૦૧૭
ફેંસલ કર્યા તારીખ: ૧૫/૧૨/૨૦૧૮
સમય ગાળો:- <u>૦૧ વર્ષ ૧૧ માસ ૧૧દિવસ.</u>

**અમદાવાદ(ગ્રામ્ય)જિલ્લાનાં મહે. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ.અમદાવાદ.**

**<u>સેશન્સ કેસ નંબર : ૦૨/૨૦૧૭</u>**

**<u>આંક –</u>**

ફરિયાદી : સરકારશ્રી,

**વિરુધ્ધ**

આરોપીઓ : (૧) યુનુસભાઈ ઉસ્માનભાઈ પટેલ
(૨) ઈકબાલભાઈ કાળુભાઈ પટેલ
(૩) વારીસભાઈ ઈકબાલભાઈ પટેલ
(૪) વાહિદભાઈ ઈકબાલભાઈ પટેલ
(૫) ભોલાભાઈ અસ્માલભાઈ પટેલ
(૬) ઈરફાનભાઈ ઉસ્માનભાઈ પટેલ
(૭) ઉસ્માનભાઈ ગનીભાઈ પટેલ
તમામ રહે. ધંધુકા, તા.ધંધુકા, જી.અમદાવાદ.

**તહોમત : <u>ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ</u>**

ફરિયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રી આર.પી.ઠાકર.
આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી કે.આર.શાહ.

**<u>:: ચૂકા દો ::</u>**

૧. સદર કામે આરોપીઓ સામે એવુ તહોમત છે કે, તા.૦૨/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૨૨.૩૦ વાગ્યાના સુમારે મોજે ધંધુકા ખાડાચોરા પાસે આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૬ નાએ ફરીયાદી લાલાભાઈ અબ્દુલભાઈ પાસે ઠંડા પીણાના પૈસા માંગતા સાહેદ દાઉદભાઈ સુલેમાનભાઈ ચોપડા પોતાના પૈસામાંથી વાળી દેવા સારૂ કહેતા તમામ આરોપીઓએ પોતાનો બદઈરાદો પાર પાડવા સારૂ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી એકત્ર થઈ પ્રાણઘાતક હથિયારો ધારણ કરી ફરીયાદી તથા સાહેદોને લાકડીઓથી તેમજ ગડદા પાટુનો માર મારી ઈજાઓ

કરી, બિભત્સ ગાળો બોલી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના સજાને પાત્ર ગુન્હો કર્યાનું તહોમત છે.

૨. આ કામે ફરિયાદની હકીકત એવી છે કે,

*''ફરિયાદી લાલાભાઈ અબ્દુલભાઈ ચોપડા (મુસ્લીમ)નાએ તા.૦૩/૦૪/૨૦૧૫ ના રોજ ધંધુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. શ્રી આર.બી. કરમટીયા રૂબરૂ નોંધાવેલી ફરીયાદ મુજબ ફરીયાદમાં જણાવેલ સરનામે તેઓના પરિવાર સાથે રહે છે અને ડીસ કનેકશન કેબલ નેટવર્કનો ધંધો કરી ગુજરાન ચલાવે છે. તા.૦૨/૦૪/૨૦૧૫ ના રોજ રાત્રીના આશરે સાડા નવેક વાગે તેઓ તેમના ઘરે હતા તે વખતે તેઓના કાકા દાઉદભાઈ સુલેમાનભાઈ ચોપડાનાઓએ તેઓને કેબલ નેટવર્કના હિસાબ બાબતે તેઓને તેમના ઘરે બોલાવતા તેઓ ત્યાં ગયેલા અને તે વખતે તેઓ તેઓના કાકા દાઉદભાઈના ઘરની બહારના ઓટલા ઉપર બેસેલ હતા તે વખતે મીયાના પરામાં રહેતા ઈરફાન ઉસ્માનભાઈ તથા યુનુસભાઈ ઉસ્માનભાઈનાઓ તેઓના કાકાના ઘરે ૧૦-૩૦ વાગે આવેલ અને તેમની પાસે ઠંડાપીણા સોડાના ૨૦/- રૂપિયા માંગેલા જેથી તેઓના કાકાએ જણાવેલ કે ઈલેકટ્રીક મટીરીયલ્સના તેઓ તેમની પાસે રૂપિયા ૪૫૦/- માંગે છે તેમાંથી તમો આ વીસ રૂપિયા વાળી લેજો. આમ બોલતા તે બંને ભાઈ ઉશ્કેરાઈ ગયેલા અને તેમના ફોનથી તેમના બાપુજી ઉસ્માનભાઈ ગનીભાઈ પટેલ તથા ઈકબાલભાઈ કાળુભાઈ પટેલને બોલાવેલા. તો તે વખતે ચારેય જણા ઉશ્કેરાઈ ગયેલા અને તેઓને ગાળો બોલી ગડદાપાટુનો માર મારવા લાગેલ. ઈરફાનભાઈ ઉસ્માનભાઈ પટેલે તેઓને હાથ(ડાબા)ના પંજા ઉપર લાકડી મારેલ અને યુનુસભાઈ ઉસ્માનભાઈ પટેલે તેઓને છાતીના ભાગે ફેંટો મારેલ તેમજ તેઓના કાકા દાઉદભાઈને ઉસ્માનભાઈ અને ઈકબાલભાઈએ ગડદા પાટુનો માર મારતા હતા તે દરમ્યાન વારીસ ઈકબાલભાઈ પટેલ તથા વાહીદ ઈકબાલભાઈ પટેલનાઓ પણ આવી ગયેલ અને તેઓના કાકા દાઉદભાઈને ગડદાપાટુનો માર મારવા લાગેલ અને તેઓના બાપુજી અબ્દુલભાઈ સુલેમાનભાઈ ચોપડાનાઓને યુનુસભાઈ ઉસ્માનભાઈ પટેલે તેમના હાથમાંની લાકડીનો ઢોસો જમણી આંખ પાસે વગાડેલ અને તેઓના મામાના દીકરા મુસ્તાકભાઈ ઈબ્રાહિમભાઈ ચોપડાનાઓને ઈરફાનભાઈ ઉસ્માનભાઈ પટેલનાઓએ લાકડીનો ઘા જમણા હાથનાં કાંડા ઉપર મારેલ અને ભોલાભાઈ અસ્માલભાઈનાઓ પણ આવી જતા તેમના હાથમાંની કૂંડળીવાળી લાકડી લઈને આવેલો અને જાનથી મારી નાખવાની ધમકી આપેલી. તે વખતે નજીકમાંથી ઘણા બધા માણસો ભેગા થઈ જતા ઝઘડો શાંત પાડેલ. તેઓ ત્યારબાદ છુટા પડી ગયેલ હતા અને તેમના વિરૂધ્ધ ફરીયાદ કરવા આવેલ છે. તો આ તમામના વિરૂધ્ધમાં કાયદેસર તપાસ થવા તેઓની ફરીયાદ છે. સાહેદ ફરીયાદમાં જણાવેલ તથા તપાસમાં નીકળે તે છે. આમ આ તમામે તેઓને તથા દાઉદભાઈને, અબ્દુલભાઈ સુલેમાનભાઈ ને તથા મુસ્તાકભાઈ ઈબ્રાહીમભાઈ ચોપડાનાઓને વધતા ઓછા પ્રમાણમાં ઈજાઓ થયેલ હોય તેઓના વિરૂધ્ધ તપાસ થવા ફરીયાદ છે.''*

૩.	સૌ પ્રથમ ફરીયાદીએ ધંધુકા પોલીસ સ્ટેશને આવી ધંધુકાના પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી આર.બી.કરમટીયા રૂબરૂ ફરીયાદીએ ફરીયાદ નોંધાવેલી, ત્યારબાદ પી.એસ.આઈ.એ ગુન્હો રજીસ્ટર કરવા રિપોર્ટ કરેલો અને સદર ગુન્હાની આગળની તપાસ પો.સ.ઈ. શ્રી આર.બી. કરમટીયા, ધંધુકા પોલીસ સ્ટેશનને સોંપતા તેઓએ તપાસ દરમ્યાન ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ, સાહેદોના નિવેદનો લીધેલ તેમજ મુદ્દામાલ પંચનામું કરીને કબજે કરેલ તથા આ કામ ના આરોપીઓને અટક કરેલા ત્યારબાદ  તપાસ પુરી થયા બાદ ક્રીમીનલ પ્રોસીજર કોડ –૧૯૭૩ ની કલમ ૧૭૩ હેઠળ ચાર્જશીટ કરી **ધંધુકા, જી. અમદાવાદનાં વિધ્વાન એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રીની કોર્ટમાં તા.૧૪/૧૨ /૨૦૧૫** ના રોજ મોકલી આપવામાં આવેલુ.

૩.૧	ત્યારબાદ **ધંધુકા, જી. અમદાવાદનાં વિ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ** આરોપી ઓ વિરૂઘ્ધનો સદરહુ કેસ સેશન્સ અદાલત ચલાવી શકે તેવા પ્રકારનો હોવાથી ક્રી.પ્રો.કોડ કલમ ૨૦૯ મુજબ કેસ અમદાવાદ(ગ્રામ્ય) જીલ્લા અને સેશન્સ અદાલતમાં **તા.૨૦/૧૨/૨૦૧૬** ના હુકમથી કમીટ કરેલ છે અને તેથી આરોપીઓ વિરૂઘ્ધનો સદર સેશન્સ કેસ અત્રેની સેશન્સ અદાલત (જિલ્લા અને સેશન્સ અદાલત)થી ચલાવવામાં આવેલ છે.

૪.	આરોપીઓને તેની વિરૂઘ્ધના પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીઓને મફત કાનૂની સહાયની જરૂર છે કે કેમ, તે બાબતે પુછવામાં આવેલ છે, પરંતુ આરોપી ઓએ તેમના બચાવ માટે ખાનગી વકીલ રોકેલ છે.

૫.	ત્યારબાદ ક્રી. પ્રો. કોડ કલમ ૨૨૮(૧)(બી) હેઠળ આરોપીઓ વિરૂઘ્ઘ **તા.૩૦/૦૫/૧૮** ના રોજ **<u>આંક–૨૪થી</u>** ***ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨)*** મુજબનાં સજાને પાત્ર ગુન્હા કર્યાના તહોમત સબબ તહોમતનામુ ફરમાવી, સદર કાયદાની કલમ ૨૨૮(૨) હેઠળ તહોમતનામુ આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ છે અને અનુક્રમે આંક– ૨૫ થી આંક–૩૧ લગત આરોપીઓનું નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરેલ છે અને તેમની વિરૂઘ્ઘ નો સદર સેશન્સ કેસ,અત્રેની સેશન્સ અદાલતથી ચલાવવામાં આવે તેવી ઈચ્છા વ્યકત કરેલ છે.

૬.	આ કામે  ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

## :: મૌખિક પુરાવો ::

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ દાઉદભાઈ સુલેમાનભાઈ ચોપડા<br>(ફરીયાદીના કાકા/ઈજા પામનાર સાહેદ) | ૩૭ |
| ૨ | લાલાભાઈ અબ્દુલભાઈ ચોપડા<br>(ફરીયાદી/ઈજા પામનાર સાહેદ) | ૩૮ |
| ૩ | સાહેદ અબ્દુલરહેમાન સુલેમાન ચોપડા<br>(ફરીયાદીના પિતા/ઈજા પામનાર સાહેદ) | ૪૦ |
| ૪ | સાહેદ મુસ્તાકભાઈ ઈબ્રાહીમભાઈ ચોપડા<br>(ફરીયાદીના મામાના દીકરા-ભાઈ/ઈજા પામનાર સાહેદ) | ૪૨ |
| ૫ | સાહેદ સોહીલભાઈ રહેમાનભાઈ ચોપડા<br>(બનાવ નજરે જોનાર સાહેદ) | ૪૩ |
| ૬ | સાહેદ યાકુબભાઈ રહેમાનભાઈ ચોપડા<br>(બનાવ નજરે જોનાર સાહેદ) | ૪૫ |
| ૭ | સાહેદ ફાતીમાબેન દાઉદભાઈ ચોપડા<br>(ફરીયાદીના કાકી) | ૪૬ |
| ૮ | સાહેદ હમીદ દાઉદભાઈ ચોપડા<br>(ફરીયાદીના કાકાના દીકરા-ભાઈ) | ૪૭ |
| ૯ | પંચસાહેદ હુસેનભાઈ નથ્થુભાઈ તલાટ<br>(ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ) | ૪૯ |
| ૧૦ | પંચસાહેદ નાસીરભાઈ હનીફભાઈ પટેલ<br>(મુદ્દામાલ હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ) | ૫૨ |
| ૧૧ | પંચસાહેદ ઈસ્માઈલભાઈ આદમભાઈ મોદન<br>(મુદ્દામાલ હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ) | ૫૬ |
| ૧૨ | ડૉ.નયન પ્રતાપભાઈ ઠોળીયા | ૫૮ |
| ૧૩ | ડૉ.વોલેન્સ નાનજીભાઈ અસારી<br>(ફરીયાદી તથા સાહેદોની સારવાર કરનાર) | ૭૩ |
| ૧૪ | અ.હે.કો. કિરણસિંહ ઉદેસિંહ<br>(તપાસ કરનાર અધિકારી) | ૭૪ |

## :: દસ્તાવેજી પુરાવો::

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીની અસલ ફરીયાદ | ૩૯ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૫૦ |
| ૩ | મુદ્દામાલ હથિયાર કબજે કર્યાનું પંચનામુ | ૫૩, ૫૪ |
| ૪ | સાહેદ અબ્દુલ રહેમાનનું સારવાર સર્ટીફીકેટ | ૫૯ |
| ૫ | સાહેદ મુસ્તાકભાઈનું સારવાર સર્ટીફીકેટ | ૬૦ |

| | | |
|---|---|---|
| ૬ | ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ | ૬૧ |

ત્યારબાદ, ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ આંક–૭૫ થી પુરસીસ આપી વિશેષ પુરાવો આપવો નથી તેવુ અદાલત સમક્ષ જાહેર કરેલ છે.

૭. ત્યારબાદ ક્રી.પ્રો.કોડ કલમ–૨૩૧ હેઠળ ફરિયાદ પક્ષનો પુરાવો આરોપીઓની રૂબરૂમાં અને સાંભળતા નોંધવામાં આવેલો છે અને ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓનું ક્રી. પ્રો. કોડ કલમ ૩૧૩ મુજબનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીઓએ ગુન્હા નો ઈન્કાર કરીને સોગંદ ઉપર જુબાની આપેલ નથી તેમજ બચાવના સાહેદ તપાસેલ નથી અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે અને ખોટો કેસ કર્યો છે.

૮. ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી આર.પી.ઠાકર તથા આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી કે.આર.શાહ ની દલીલો સાંભળી.

૯. આ કામે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાયછે.

**મુદ્દા નં. ૧ :** શું ફરિયાદ પક્ષ નિ:શંક રીતે સાબીત કરે છે કે તા.૦૨/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૨૨.૩૦ વાગ્યાના સુમારે મોજે ધંધુકા ખાડાચોરા પાસે આ કામના આરોપીઓએ પોતાનો બદઈરાદો પાર પાડવા સારૂ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણઘાતક હથિયારો ધારણ કરી એકત્ર થઈ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**મુદ્દા નં.૨** શું ફરિયાદ પક્ષ નિ:શંક રીતે સાબીત કરે છે કે બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીઓ પૈકી આરોપી નં.૬ નાએ ફરીયાદી લાલાભાઈ અબ્દુલભાઈ પાસે ઠંડા પીણાના પૈસા માંગતા સાહેદ દાઉદભાઈ સુલેમાનભાઈ ચોપડા પોતાના પૈસામાંથી વાળી દેવા સારૂ કહેતા ફરીયાદીને આરોપી ઈરફાનભાઈ ઉસ્માનભાઈ પટેલે ડાબા હાથના પંજા ઉપર લાકડી મારેલ અને યુનુસભાઈ ઉસ્માનભાઈ પટેલે છાતીના ભાગે ફેંટો મારેલ તેમજ સાહેદ દાઉદભાઈને આરોપી ઉસ્માનભાઈ અને ઈકબાલભાઈનાએ ગડદા પાટુનો માર મારેલ તેમજ આરોપી વારીસ ઈકબાલભાઈ પટેલ તથા

વાહીદ ઈકબાલભાઈ પટેલનાએ સાહેદ દાઉદભાઈને ગડદાપાટુનો માર મારેલ અને સાહેદ અબ્દુલભાઈ સુલેમાનભાઈ ચોપડાનાઓને આરોપી યુનુસભાઈ ઉસ્માનભાઈ પટેલે તેમના હાથમાંની લાકડીનો ઢોસો જમણી આંખ પાસે વગાડેલ અને સાહેદ મુસ્તાકભાઈ ઈબ્રાહિમભાઈ ચોપડાનાને આરોપી ઈરફાનભાઈ ઉસ્માનભાઈ પટેલને લાકડીનો ઘા જમણા હાથનાં કાંડા ઉપર મારી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

**મુદ્દા નં.૩** શું ફરિયાદ પક્ષ નિ:શંક રીતે સાબીત કરે છે કે આરોપીઓએ તારીખે, સમયે અને સ્થળે પોતાના ગુન્હાહિત ઈરાદાના ભાગરૂપે ફરીયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો આપીને એકબીજાની મદદગારીમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**મુદ્દા નં.૪** શું ફરિયાદ પક્ષ નિ:શંક રીતે સાબીત કરે છે કે આરોપીઓએ તારીખે, સમયે અને સ્થળે પોતાના ગુન્હાહિત ઈરાદાના ભાગરૂપે ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**મુદ્દા નં.૫** શું હુકમ?

૧૦. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧ :– નકારમાં.**

**મુદ્દા નં. ૨ :– નકારમાં.**

**મુદ્દા નં. ૩ :– નકારમાં.**

**મુદ્દા નં. ૪ :– નકારમાં.**

**મુદ્દા નં. ૫ :– આખરી હુકમ મુજબ.**

**:: નિર્ણયના કારણો ::**

**મુદ્દા નં.૧ થી ૪ :–**

૧૧. આ કામમાં આરોપીઓ વિરૂઘ્ધ આંક–૨૪ થી તા. ૩૦/૦૫/૧૮ ના રોજ જે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે, તે પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે કુલ ૧૪ સાક્ષીઓ તપાસવામાં આવેલા

છે અને કુલ ૭ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

૧૨. ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે અને સચોટપણે પુરવાર કરવાનો હોય છે, તેમજ ફરિયાદ પક્ષનાં પુરાવામાં નાની નાની ક્ષતિઓ અથવા તો તપાસમાં નાની મોટી વિસંગતતા આવવાની શકયતા હોઈ શકે, પરંતુ તેથી ફરિયાદ પક્ષનો કેસ ફેંકી દઈ શકાય નહીં.

૧૩. આ કામે વિધ્વાન એ. પી. પી. શ્રી આર. પી. ઠાકરે સરકાર તરફે એવી દલીલ કરેલ છે કે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ ૧૪ સાહેદોને તપાસેલ છે અને ૭ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. સદર કામે તપાસાયેલ ફરીયાદી તેમની જુબાનીમાં રજુ કરેલ આંક ૩૯ વાળી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે તથા સ્વતંત્ર પંચો તેઓની જુબાનીમાં રજુ થયેલ તમામ પંચનામાઓમાં પોતાની સહી ઓળખી બતાવે છે તથા સદર બનાવમાં ઈજા પામનાર ફરીયાદી અને સાહેદોએ તેઓને બનાવમાં થયેલ ઈજા અંગે સારવાર લીધેલ છે અને તે અંગેના તબીબી પ્રમાણપત્રો સદર કામે તપાસાયેલ ડોકટર સાહેદોએ તેમની જુબાનીમાં રજુ કરેલ છે તથા તપાસ કરનાર અમલદારની સંપૂર્ણ તપાસમાં આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવેલ હોઈ આરોપીઓ વિરુધ્ધ કેસ ચલાવવા ચાર્જશીટ નામ. કોર્ટમાં રજુ કરેલ છે. આમ સમગ્ર પુરાવાથી ફરીયાદ પક્ષે પુરાવાની સાંકળ સફળતાપૂર્વક પુરી કરેલ છે તે રીતે ફરીયાદ પક્ષ આ કામના આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરેલ છે, જેથી આરોપીઓને સજા કરવા વિનંતી કરેલ છે.

૧૪. જયારે બચાવપક્ષે વિધ્વાન વકીલ શ્રી કે.આર.શાહ એવી દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે ફરીયાદી (આંક–૩૮), ઈજા પામનાર સાહેદ દાઉદભાઈ સુલેમાનભાઈ (આંક–૩૭), સાહેદ અબ્દુલભાઈ સુલેમાનભાઈ (આંક–૪૦) તથા સાહેદ મુસ્તાકભાઈ ઈબ્રાહીમ ભાઈ (આંક–૪૨) નાઓને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામ સાહેદોએ પોતાના મૌખિક પુરાવામાં આંક–૩૯ વાળી ફરીયાદ મુજબનો બનાવ બન્યા અંગેની કોઈ હકીકત જણાવેલ નથી તેમજ ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તે સિવાય ફરીયાદ પક્ષે બનાવ નજરે જોનાર સાહેદો જેવા કે સાહેદ સોહીલભાઈ રહેમાનભાઈ(આંક–૪૩), સાહેદ યાકુબભાઈ રહેમાનભાઈ (આંક–૪૫) તેમજ સાહેદ ફાતીમાબેન(આંક–૪૬)ને તપાસતાં તેવા સાહેદો કે જેમા ફાતીમાબેન કે જેઓ ફરીયાદીના કાકી થતા હોવા છતાં ફરીયાદ પક્ષના કેસને અનુરૂપ કોઈ જ હકીકત જણાવેલ નથી તેથી તેઓની જુબાની ધ્વારા ફરીયાદ મુજબનો બનાવ બનેલાની કોઈ

હકીકત રેકર્ડ પર આવેલ નથી. તેવી જ રીતે પંચસાહેદોએ પંચનામામાંની ફકત સહીઓ પોતાની હોવાનું સ્વીકારેલ છે અને પંચનામાની હકીકતને કોઈ પણ પ્રકારે સમર્થન પ્રાપ્ત થાય તેવી હકીકત જણાવેલ ન હોય પંચનામાને માનવાને કોઈ કારણ જણાતું નથી. સદર કામે સાહેદ ડોકટર નયન પ્રતાપભાઈ ઠોળીયા, આંક–૫૮ નાએ ફરીયાદી કે અન્ય કોઈ સાહેદો તેઓના ત્યાં સારવાર માટે આવેલા ન હોવાની સ્પષ્ટ હકીકત જણાવેલ છે તેમજ ડોકટર વોલેન્સ નાનજીભાઈ અસારી, આંક–૭૩ નાએ ફરીયાદી તથા અન્ય સાહેદોને સારવાર આપી તેઓનું સારવાર સર્ટીફીકેટ આંક–૫૯ થી ૬૧ ના રજુ થયેલ છે પરંતુ તેઓના સર્ટીફીકેટમાં હીસ્ટ્રીમાં ફકત મારામારી થયેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ કોની સાથે મારામારી થયેલ તે અંગે કાંઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી. વિશેષમાં જયારે સદર કામના ઈજા પામનાર સાહેદોના પુરાવા ધ્વારા તેઓને કોઈ ઈજા થયેલ હોય કે તે ઈજા અંગે તેઓએ કોઈ સારવાર લીધેલ હોય તેવું જણાવેલ નથી, આમ સદર ડોકટર સાહેદની જુબાની પણ ફરીયાદ પક્ષને કેસ પુરવાર કરવામાં મદદરૂપ થતી નથી. સદર કામે તપાસ કરનાર અધિકારી પી.એસ.આઈ. આર.બી.કરમટીયા હાજર મળી આવતા ન હોય તેઓના બદલે તેઓની સાથે ફરજ બજાવનાર અ.હે.કો. કિરણસિંહ ઉદેસિંહ જાદવનાઓને આંક–૭૪થી તપાસવામાં આવેલા છે અને તેઓએ રેકર્ડ આધારે જુબાની આપેલ છે. અને તેઓને કેસ અંગે કોઈ જાતમાહિતી ન હોવાનું જણાવેલ હોય સદર કામે તપાસનીશ અધિકારીએ પુરતી તપાસ કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી પણ આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર થતો ન હોઈ જેથી આરોપીઓને પુરાવાના અભાવે આપી છોડી મુકવા વિનંતી કરેલ છે.

૧૫. બન્ને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓની વિધ્વતા ભરી દલીલો સાંભળ્યા બાદ આ કામમાં ફરિયાદપક્ષે આ કામના આરોપીઓ વિરૂધ્ધનું તહોમત સાબીત કરવા માટે સૌ પ્રથમ ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧ દાઉદભાઈ સુલેમાનભાઈ ચોપડા આંક–૩૭ થી જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓ ધંધુકા મુકામે રહે છે અને ધંધુકા ફારૂક ટોકીઝની સામે ઈલેકટ્રીકની દુકાન ધરાવી વેપાર કરે છે. તા.૨/૪/૧૫ ના રોજ રાત્રે તેઓ તેમના ઘરે હતા તે વખતે સામાન્ય બોલાચાલી થયેલ અને તે વખતે તેઓ તેમના ઘરે હાજર હતા તેમાં ઉસ્માનભાઈ અને તેઓ વચ્ચે પૈસા બાબતે બોલાચાલી થયેલી. ત્યારબાદ ઝઘડો પતી ગયેલો. ઝઘડામાં કોઈને ઈજા થયેલી હોય કે મારા મારી થયેલ હોય તેવું બનેલ નહીં. સદર બનાવ સંબંધે સામસામે ફરીયાદ

થયેલી. તેમને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહી. હાજર તહોમતદારોને ઓળખી બતાવે છે. બનાવ સંબંધે પોલીસે તેઓનો જવાબ લીધેલો. ઉપરોકત હકીકત સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી. સદર સાહેદ પોલીસ રૂબરૂના નિવેદનને સમર્થન કરતી કોઈ હકીકત જણાવતા ન હોઈ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી અદાલત પાસે માંગી, ઉલટ તપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ આરોપીઓ વિરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. સદર સાહેદ તેઓની બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે તે વાત ખરી છે કે બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાંઈ બનેલ નહીં.

૧૫.૧ સદર સાહેદ કે જેઓ ફરીયાદીના કાકા થાય છે તેમજ બનાવ સમયે તેઓ ફરીયાદી સાથે હાજર હતા તેમજ તેઓની હાજરીમાં બનાવ બનેલ અને બનાવમાં તેઓને ઈજા થયેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે પરંતુ તેવી કોઈ હકીકત તેઓએ જણાવેલ નથી પરંતુ તેઓ અને ઉસ્માન ભાઈ વચ્ચે પૈસા બાબતે બોલાચાલી થયેલી અને ઝઘડામાં કોઈને ઈજા થયેલ હોય કે મારા મારી થયેલ હોય તેવું બનેલ ન હોવાની હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદ પક્ષના કેસને તેઓની જુબાની મદદકર્તા નથી.

૧૬. ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.ર ફરીયાદી લાલાભાઈ અબ્દુલભાઈ ચોપડા આંક– ૩૮ થી જુબાનીમાં સર તપાસમાં જણાવે છે કે, તેઓ ધંધુકા મુકામે રહે છે અને ડીશ નેટવર્કનં કામ કરી ગુજરાન ચલાવે છે. તા.ર/૪/૧૫ ના રાતના સાડા નવની આસપાસ ઘરે હતા તે વખતે તેઓના કાકા દાઉદ સુલેમાન ચોપડાએ કેબલ નેટવર્કના હિસાબ બાબતે તેમના ઘરે બોલાવેલ અને ત્યાં ગયેલ તે સમયે તેઓના કાકાના ઘરની બહાર ઓટલા ઉપર બેઠા હતા તે વખતે મીયાંના પરામાં રહેલા ઈરફાન ઉસ્માન તથા યુનુસ ઉસ્માન તેઓના કાકાના ઘરે સાડા દશ વાગે આવેલા અને તેમની પાસે ઠંડા પીણા સોડાના વીસ રૂપિયા માંગેલ જેથી તેઓના કાકાએ જણાવેલ કે ઈલેકટ્રીક મટીરીયલના તેઓ રૂા.૪૫૦/– માંગે છે, તેમાંથી રૂા.ર૦/– વાળી લેજો આમ બંને ભાઈઓ ઉશ્કેરાઈ ગયેલા અને સામાન્ય બોલાચાલી થયેલ. તે સિવાય કોઈ બનાવ બનેલ નહીં. બનાવમાં તેઓને કે તેઓના કાકાને કે અન્ય કોઈ વ્યકિતને તહોમતદારોએ માર મારી ઈજા કરેલ હોય તેવું બનેલ નહીં. ઉપરોકત હકીકત સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી. બનાવ સમયે તેઓએ ફરીયાદ આપેલી, તેઓને નિ.ર૧/૧ થી રજુ થયેલ અસલ ફરીયાદ

બતાવતાં તેમાં કરેલ સહીઓ તેઓ ઓળખી બતાવી આંક– ૩૯ થી રજુ કરેલ છે. તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહી. હાજર તહોમતદાર ને ઓળખી બતાવે છે. આ ફરીયાદી સાહેદ આંક–૩૯ વાળી ફરીયાદની હકીકતને સમર્થન કરતી કોઈ હકીકત જણાવતા ન હોઈ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી અદાલત પાસે માંગી, ઉલટ તપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ આરોપીઓ વિરુઘ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. સદર સાહેદ તેઓની બચાવ પક્ષ તરફે લેવાયેલ ઉલટતપાસમાં એવું જણાવે છે કે તે વાત ખરી છે કે બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાંઈ બનેલ નહીં.

૧૬.૧ સદર સાહેદ કે જેઓ ખુદ ફરીયાદી હોવા છતાં તેઓએ સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય કોઈ બનાવ બનેલ નહી તેમજ બનાવમાં તેઓને કે તેઓના કાકાને કે અન્ય કોઈ વ્યકિતને તહોમતદારોએ માર મારી ઈજા કરેલ હોય તેવું બનેલ નહી તેમ જણાવેલ છે. સદર સાહેદે આંક– ૩૯ વાળી ફરીયાદ મુજબનો બનાવ બન્યાની કોઈ હકીકત જણાવેલ ન હોય ફરીયાદી સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદકર્તા નથી.

૧૭. ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૩ અબ્દુલ રહેમાન સુલેમાન ચોપડા આંક–૪૦થી જુબાની સરતપાસમાં જણાવે છે કે, તેઓ ધંધુકા મુકામે રહે છે. તા.૨/૪/૧૫ ના રોજ રાત્રીના સાડા દશ વાગે તેઓ તથા તેઓનો દીકરો તેમના ઘરે હતા તે વખતે તેઓના ભાઈ દાઉદભાઈ સુલેમાન ચોપડાને તેઓના દીકરા રફીક ઉર્ફે લાલાને કેબલના નેટવર્કના હિસાબ બાબતે તેમના ઘરે બોલાવેલ અને તેઓનો દીકરો તેમના ઘરે ગયેલ અને થોડીવારમાં તેઓને સમાચાર મળેલ કે ત્યાં સામાન્ય બોલાચાલી થયેલી છે. તે સિવાય તેઓ બીજું કશું જાણતા નથી. ત્યારબાદ ઝઘડો પતી ગયેલો. ઝઘડામાં કોઈને ઈજા થયેલ હોય કે મારા મારી થયેલ હોય તેવું બનેલ નહી. તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહી. હાજર તહોમતદારોને ઓળખી બતાવે છે. બનાવ સંબંધે પોલીસે તેઓનો જવાબ લીધેલો. ઉપરોકત હકીકત સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી. આ સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનને સમર્થન કરતી કોઈ હકીકતો જણાવતા ન હોઈ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી અદાલત પાસે માંગી, ઉલટ તપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ આરોપીઓ વિરુઘ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસ

માં એવું જણાવે છે કે તે વાત ખરી છે કે બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય કાંઈ બનેલ નહીં.

૧૭.૧ સદર સાહેદ કે જેઓ ફરીયાદીના પિતાજી તથા બનાવમાં ઈજા પામનાર સાહેદ હોવા છતાં તેઓએ તેમના મૌખિક પુરાવામાં સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કશું જાણતા ન હોવાની હકીકત જણાવે છે, તેમજ કોઈને ઈજા થયેલ હોય કે મારા મારી થયેલ હોય તેવું બનેલ ન હોવાની હકીકત જણાવતા હોય, બનાવ બનેલાની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું ન હોય ફરીયાદ પક્ષનો કેસ પુરવાર કરવામાં સાહેદનો પુરાવો મદદરૂપ બનેલ નથી.

૧૮. ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૪ મુસ્તાકભાઈ ઈબ્રાહીમભાઈ ચોપડા આંક–૪ર થી જુબાની સરતપાસ માં જણાવે છે કે, તેઓ ધંધુકા ખાતે રહે છે અને ફારૂક ટોકીઝની સામે ઈલેકટ્રીકની દુકાન ધરાવી વેપાર કરે છે. તા.ર/૪/૧૫ ના રોજ રાતના દશ વાગ્યાની આસપાસ તેઓ તેઓના ઘરેથી ખાડાચોરા પાસે દાઉદભાઈના ઘરે ગયેલા ત્યાં દાઉદભાઈ તથા લાલાભાઈ બેઠા હતા. જયાં દાઉદભાઈને તથા મીયાના પરામાં રહેતા ઈરફાન ઉસ્માનભાઈ તથા યુનુસ ઉસ્માનભાઈ આવેલા જયાં બંને વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી અને ઘરે જતા રહેલ તે સિવાય તેઓ બીજું કાંઈ જાણતા નથી કે તેઓએ કાંઈ જોયેલ નથી. બનાવ સંબંધે પોલીસે તેઓનું નિવેદન લીધેલ. તેઓને મુદ્દામાલ બતાવતાં તેઓ ઓળખી શકે નહી. તે સિવાય બીજું કાંઈ જાણતા નથી. આ સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન કરતી કોઈ હકીકતો જણાવતા ન હોઈ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી અદાલત પાસે માંગી, ઉલટ તપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ આરોપીઓ વિરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એવું જણાવે છે કે તે વાત ખરી છે કે બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય કાંઈ બનેલ નહીં.

૧૮.૧ સદર સાહેદની સમગ્ર જુબાની વંચાણે લેતાં સદર સાહેદ બનાવ સમયે ફરીયાદીની સાથે બનાવ સ્થળે હાજર હતા તે હકીકતને સમર્થન મળેલ છે પરંતુ તેઓએ બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તેટલી જ હકીકત જણાવેલ છે અને તે સિવાય બીજું કાંઈ જાણતા ન હોવાનું અને કાંઈ જોયેલ ન હોવાનું જણાવતા હોય તેઓને ફરીયાદ મુજબના બનાવમાં કોઈ ઈજા થયેલ હોય તેવી હકીકતને સમર્થન પ્રાપ્ત થયેલ નથી અને તેઓની જુબાની ફરીયાદ પક્ષને આ કામના આરોપીઓ વિરુધ્ધનો કેસ સાબીત કરવામાં મદદરુપ થતી નથી.

૧૯. ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૫ સોહીલભાઈ રહેમાનભાઈ ચોપડા આંક–૪૩થી જુબાની સરતપાસ માં જણાવે છે કે, તેઓ ધંધુકા ખાતે રહે છે અને અભ્યાસ કરે છે,તા.૨/૪/૧૫ ના રોજ રાતના દશ વાગ્યાની આસપાસ તેઓ તેઓના ઘરેથી ખાડાચોરા પાસે દાઉદભાઈના ઘરે ગયેલા ત્યાં દાઉદભાઈ તથા લાલાભાઈ બેઠા હતા. જયાં દાઉદભાઈને ત્યાં મીયાના પરામાં રહેતા ઈરફાન ઉસ્માનભાઈ તથા યુનુસ ઉસ્માનભાઈ આવેલા જયાં બંને વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી અને ઘરે જતા રહેલ તે સિવાય તેઓ બીજું કાંઈ જાણતા નથી કે તેઓએ કાંઈ જોયેલ નથી. બનાવ સંબંધે પોલીસે તેઓનું નિવેદન લીધેલ. તેઓને મુદ્દામાલ બતાવતાં તેઓ ઓળખી શકે નહી. તે સિવાય બીજું કાંઈ જાણતા નથી. આ સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન કરતી કોઈ હકીકતો જણાવતા ન હોઈ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી અદાલત પાસે માંગી, ઉલટ તપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ આરોપીઓ વિરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. <u>સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એવું જણાવે છે કે</u> તે વાત ખરી છે કે બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય કાંઈ બનેલ નહીં.

૧૯.૧ સદર સાહેદની સમગ્ર જુબાની વંચાણે લેતાં સદર સાહેદ બનાવ સમયે ફરીયાદીની સાથે બનાવ સ્થળે હાજર હતા તે હકીકતને સમર્થન મળેલ છે પરંતુ તેઓએ બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તેટલી જ હકીકત જણાવેલ છે અને તે સિવાય બીજું કાંઈ જાણતા ન હોવાનું અને કાંઈ જોયેલ ન હોવાનું જણાવતા હોય તેઓને ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ હોય તેવી હકીકત જણાવેલ ન હોય તેઓની જુબાની ફરીયાદ પક્ષને આ કામના આરોપીઓ વિરુધ્ધનો કેસ સાબીત કરવામાં મદદરુપ થતી નથી.

૨૦. ફરીયાદ પક્ષે સાહેદ નં.૬ યાકુબભાઈ રહેમાનભાઈ ચોપડા તેમની આંક–૪૫ની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે તેઓ ધંધુકા મુકામે રહે છે અને અભ્યાસ કરે છે. તા.૨/૪/૧૫ ના રાત્રીના સાડા દશ વાગે તેઓના ભાઈ સોહીલની સાથે ખાડા ચોરા બાજુ આવેલા અને ખાડા ચોરા પાસે દાઉદભાઈના ઘરના ઓટલા પાસે દાઉદભાઈ તથા લાલાભાઈ બેઠા હતા અને થોડીવારમાં મીયાંના પરામાં રહેતા ઈરફાન ઉસ્માનભાઈ તથા યુનુસ ઉસ્માનભાઈ આવેલા અને દાઉદભાઈ પાસે ઠંડા સોડાના રૂા.૨૦/– માંગતા દાઉદભાઈએ જણાવેલ કે ઈલેકટ્રીક મટીરીયલના તેઓ તેમની પાસે રૂા.૪૫૦/– માંગે છે, તેમાંથી રૂા.૨૦/– વાળી લેજો, આમ બોલતા તે બંને ભાઈઓ

ઉશ્કેરાઈ ગયેલા અને બોલાચાલી થયેલ. તે સિવાય તેઓ બીજું કાંઈ જાણતા નથી કે તેઓએ જોયેલ નથી. એવું બનેલ નહી કે આ બોલાચાલીમાં મારામારી થઈ હોય જેમાં દાઉદભાઈ તથા લાલાભાઈને ઈજા થઈ હોય. બનાવ સંબંધે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતી કોઈ હકીકત જણાવતા ન હોઈ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી અદાલત પાસે માંગી, ઉલટ તપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ આરોપીઓ વિરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. સદર સાહેદ તેઓની બચાવ પક્ષ તરફે લેવાયેલ ઉલટતપાસમાં એવું જણાવે છે કે તે વાત ખરી છે કે બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાંઈ બનેલ નહીં.

૨૦.૧ સદર સાહેદ કે જેઓ બનાવ તારીખે, સમયે અને સ્થળે હાજર હતા અને બનાવમાં આ કામના આરોપીઓએ ફરીયાદી, સાહેદ દાઉદભાઈ, મુસ્તાકભાઈ તથા અબ્દુલભાઈને લાકડી વડે તેમજ ગડદા પાટુનો માર મારીને ઈજા પહોંચાડેલ હોવાનું જાણતા હોવા છતાં અને ફરીયાદી અને સાહેદોને બનાવમાં ઈજા થયેલ હોવાથી સદર સાહેદની સમગ્ર જુબાની વંચાણે લેતાં બનાવ બનેલાની હકીકતને સમર્થન આપતા ન હોય સદર સાહેદની જુબાની ફરીયાદ પક્ષને આ કામના આરોપીઓ વિરુધ્ધનો કેસ સાબીત કરવામાં મદદરુપ થતી નથી.

૨૧. ફરીયાદ પક્ષે સાહેદ નં.૭ ફાતીમાબેન દાઉદભાઈ ચોપડા તેમની આંક–૪૬ની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે તેઓ ધંધુકા ખાતે તેઓના પતિ સાથે રહે છે અને તા.૨/૪/૧૫ ના રાતના સાડા દશ વાગ્યાની આસપાસ તેઓ તેમના ઘરે હાજર હતા અને તેઓના પતિ તથા ભત્રીજો લાલા અબ્દુલને કેબલ નેટવર્કના હિસાબ બાબતે ઘરે બોલાવેલ અને તેઓના પતિ તથા લાલો તેઓના ઘરની બહાર ઓટલા ઉપર બેઠા હતા તે વખતે મીયાના પરામાં રહેતા ઈરફાન ઉસ્માન તથા યુનુસ ઉસ્માન તેઓના ઘરે આવેલા અને તેઓના પતિ પાસે ઠંડા પીણાના સોડાના રૂા.૨૦/– માંગતા તેઓના પતિએ જણાવેલ કે ઈલેકટ્રીક મટીરીયલના રૂા.૪૫૦/– તેઓ માંગે છે તેમાંથી રૂા.૨૦/– વાળી લેજો, આમ બોલતા બંને ભાઈઓ ઉશ્કોઈ ગયેલા અને બોલાચાલી થયેલી. તે સિવાય તેઓ બીજું કાંઈ જાણતા નથી. તેઓના પતિને તહોમતદારોએ માર મારી ઈજા કરેલ હોય તેવું બનેલ નહીં. આ સાહેદ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાંની કોઈ હકીકતો જણાવતા ન હોઈ ફરીયાદ પક્ષે સાહેદને ફરી ગયેલા જાહેર કરી

ઉલટતપાસ કરવાની પરવાનગી અદાલત પાસે માંગી, ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ આરોપીઓ વિરુધ્ધ ની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે તે વાત ખરી છે કે બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય કાંઈ બનેલ નહીં.

૨૧.૧ સદર સાહેદ કે જેઓ ફરીયાદીના કાકી થાય છે અને ઈજા પામનાર સાહેદ દાઉદભાઈના પત્ની થાય છે, બનાવ તારીખે, સમયે અને સ્થળે હાજર હતા અને બનાવમાં આ કામના આરોપીઓએ ફરીયાદી, સાહેદ દાઉદભાઈ તથા સાહેદ અબ્દુલરહેમાનને લાકડી વડે માર મારીને ઈજા પહોંચાડેલ હોવાનું જાણતા હોવા છતાં સદર સાહેદની સમગ્ર જુબાની વંચાણે લેતાં તેઓની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નથી અને સરતપાસમાં સ્પષ્ટપણે જણાવે છે કે તેઓના પતિ ઈલેકટ્રીક મટીરીયલના રૂા.૪૫૦/– માંગતા હોવાથી તેમાંથી રૂા.૨૦/– વાળી લેજો, આમ બોલતા બંને ભાઈઓ ઉશ્કોઈ ગયેલા અને બોલાચાલી થયેલી. તે સિવાય તેઓ બીજું કાંઈ જાણતા નથી. આમ સદર સાહેદની જુબાની ફરીયાદ પક્ષને આ કામના આરોપીઓ વિરુધ્ધનો કેસ સાબીત કરવામાં મદદરુપ થતી નથી.

૨૨ ફરીયાદ પક્ષે સાહેદ નં.૮ હમીદભાઈ દાઉદભાઈ ચોપડા તેમની આંક–૪૭ ની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે તેઓ ધંધુકા મુકામે રહે છે અને અભ્યાસ કરે છે. તા.૨/૪/૧૫ ના રાત્રીના સાડા દશ વાગ્યાના આસપાસ તેઓ તેમના ઘરે હાજર હતા અને તેઓના પપ્પા તથા તેઓના કાકાના દીકરા ભાઈ લાલા અબ્દુલને કેબલ નેટવર્કના હિસાબ બાબતે ઘરે બોલાવેલ અને તેઓના પપ્પા તથા લાલો તેઓના ઘરની બહાર ઓટલા પર બેઠા હતા તે વખતે મીયાંના પરામાં રહેતા ઈરફાન ઉસ્માનભાઈ તથા યુનુસ ઉસ્માનભાઈ તેઓના ઘરે આવેલ અને તેઓના પપ્પા પાસે ઠંડા પીણાના સોડાના રૂા.૨૦/– માંગતા તેઓના પિતાએ જણાવેલ કે ઈલેકટ્રીક મટીરીયલના તેમની પાસે રૂા.૪૫૦/– માંગે છે, તેમાંથી રૂા.૨૦/– વાળી લેજો, આમ બોલતા તે બંને ભાઈઓ ઉશ્કેરાઈ ગયેલા અને બોલાચાલી થયેલ. તે સિવાય તેઓ બીજું કાંઈ જાણતા નથી. તેઓના પપ્પાને તહોમતદારોએ માર મારી ઈજા કરેલ હોય તેવું બનેલ નહી તેમજ મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં. આ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતી કોઈ હકીકત જણાવતા ન હોઈ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી અદાલત પાસે માંગી, ઉલટ તપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ

આરોપીઓ વિરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. <u>સદર સાહેદ તેઓની બચાવ પક્ષ તરફે લેવાયેલ ઉલટતપાસમાં એવું જણાવે છે કે</u> તે વાત ખરી છે કે બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાંઈ બનેલ નહીં.

૨૨.૧ સદર સાહેદની સમગ્ર જુબાની વંચાણે લેતાં જણાઈ આવે છે કે, તેઓ સદર ગુન્હાના કામે ઈજા પામનાર દાઉદભાઈ ચોપડા (સાહેદ નં.૧, આંક–૩૭)ના દીકરા થાય છે. સદર સાહેદ તેમની જુબાનીમાં બોલાચાલી થયેલ હોવાનું અને તે સિવાય બીજું કાંઈ જાણતા નથી તેમજ તેઓના પિતાજીને તહોમતદારોએ માર મારી ઈજા કરેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે તેમજ બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાંઈ બનેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે. આમ સદર સાહેદની સમગ્ર જુબાની ફરીયાદ પક્ષને આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરવામાં લેશમાત્ર મદદરુપ થતી નથી.

૨૩. ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૯ પંચ હુસેનભાઈ નથ્થુભાઈ તલાટ આંક–૪૯ ની જુબાનીમાં જણાવે છે કે ૨૦૧૫ની સાલમાં તેઓ ધંધુકા ખાડાચોરા ચોક પાસેથી પસાર થતા હતા ત્યારે ધંધુકા પોલીસે એક તૈયાર લખેલા પંચનામામાં સહી કરવાનું જણાવતા તેઓ સહી કરી જતા રહેલા. તેઓને કોઈ જગ્યા બતાવેલ હોય અને ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવ્યું હોય તેવું બનેલ નહીં. તેઓએ ફકત સહી કરેલ. તે સિવાય બીજું કાંઈ જાણતા નથી. તેઓને નિ:૨૧/૨ થી રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ બતાવતાં પંચનામાને અંતે પંચ નં.૧ તરીકે તેઓએ સહી કરેલ જેને આંક–૫૦ આપવામાં આવેલ છે. આ સાહેદ આંક–૫૦ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન કરતા નહોઈ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી અદાલત પાસે માંગી, ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ આરોપીઓ વિરુધ્ધ ની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. <u>સદર પંચસાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે</u> એ વાત ખરી છે કે પોલીસે ફકત તેઓનું નામ સરનામું પુછેલ બીજું કાંઈ પુછેલ નહી અને ફકત તૈયાર પંચનામામાં સહી લીધેલી તે સિવાય બીજું કાંઈ જાણતા નથી.

૨૩.૧ સદર પંચસાહેદની સમગ્ર જુબાની વંચાણે લેતાં તેઓએ પંચનામાની કોઈ હકીકત વિશે જણાવેલ નથી ફકત તેઓની સહી હોવાનું જણાવેલ છે અને તેઓની ઉલટ તપાસમાં તેઓને પોલીસે ફકત નામ સરનામુ પુછેલાનું તેમજ તે સિવાય બીજું કાંઈ જાણતા ન હોવાનું જણાવેલ છે. આમ સદર પંચસાહેદની જુબાની ધ્વારા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન

પ્રાપ્ત થયેલ ન હોય ફરીયાદ પક્ષને આ કામના આરોપીઓ વિરુધ્ધનો કેસ સાબીત કરવામાં મદદરૂપ થયેલ નથી.

૨૪ ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૦ પંચસાહેદ નાસીરભાઈ હનીફભાઈ પટેલ આંક–પરથી જુબાની સરતપાસમાં જણાવે છે કે ૨૦૧૫ ની સાલમાં ધંધુકા પોલીસે તેઓને પો.સ્ટે. બોલાવેલા ત્યાં તહોમતદારો હાજર હોય તેઓએ હથિયાર તેઓની રૂબરૂ રજુ કરેલા જે પંચનામાની રૂએ કબજે કરેલ. તેમને નામ.કોર્ટમાં મુદ્દામાલ હથિયાર કે આરોપીઓ બતાવવામાં આવે તો તેઓ હાલ ઓળખી શકે નહી. તેઓએ ફકત તૈયાર લખેલા પંચનામામાં સહી કરેલી તે સિવાય બીજું કાંઈ જાણતા નથી. તેમને નિ.૨૧/૩ થી રજુ થયેલ ગુન્હામાં વાપરેલ હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામુ બતાવતાં પંચનામાને અંતે પંચ નં.૧ તરીકે તેઓએ કરેલ તેઓની સહી તેઓ ઓળખી બતાવે છે જે આંક–૫૩ થી રજુ છે. આ હકીકત સિવાય બીજું કાંઈ જાણતા નથી. ત્યારબાદ તા.૮/૪/૧૫ ના રોજ પોલીસે બીજા એક તૈયાર પંચનામામાં સહી કરવાનું જણાવતા તેઓ સહી કરી જતા રહેલા તે સિવાય બીજું કાંઈ જાણતા નથી. તેઓને નિ.૨૧/૪ થી રજુ થયેલ પંચનામુ બતાવતાં પંચનામાને અંતે પંચ નં.૨ તરીકે તેઓએ કરેલી સહી ઓળખી બતાવે છે જેને આંક–૫૪ થી રજુ રાખેલ છે. સદર પંચસાહેદ આંક–૫૩ અને આંક–૫૪ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી અદાલત પાસે માંગી, ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ પંચનામાની હકીકતને સમર્થનકારી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. <u>સદર પંચસાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે</u> તે વાત ખરી છે કે પોલીસે એક તૈયાર લખેલા પંચનામામાં સહી કરાવેલી બીજું કાંઈ જાણતા નથી.

૨૫ ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૧ પંચસાહેદ ઈસ્માઈલભાઈ આદમભાઈ મોદન આંક–૫૬ થી જુબાની સરતપાસમાં જણાવે છે કે ૨૦૧૫ ની સાલમાં ધંધુકા પોલીસે તેઓને પો.સ્ટે. બોલાવેલા ત્યાં તહોમતદારો હાજર હોય તેઓએ હથિયાર તેઓની રૂબરૂ રજુ કરેલા જે પંચનામાની રૂએ કબજે કરેલ. તેમને નામ.કોર્ટમાં મુદ્દામાલ હથિયાર કે આરોપીઓ બતાવવામાં આવે તો તેઓ હાલ ઓળખી શકે નહી. તેઓએ ફકત તૈયાર લખેલા પંચનામામાં સહી કરેલી તે સિવાય બીજું કાંઈ જાણતા નથી. તેમને આંક–૫૩ થી રજુ થયેલ ગુન્હામાં વાપરેલ હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામુ બતાવતાં પંચનામાને અંતે પંચ નં.૨ તરીકે તેઓએ કરેલ તેઓની સહી તેઓ ઓળખી

બતાવે છે જે આંક–૫૩ થી રજુ છે. આ હકીકત સિવાય બીજું કાંઈ જાણતા નથી. સદર પંચસાહેદ આંક–૫૩ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી અદાલત પાસે માંગી, ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ પંચનામાની હકીકતને સમર્થનકારી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. સદર પંચસાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે તે વાત ખરી છે કે પોલીસે એક તૈયાર લખેલા પંચનામામાં સહી કરાવેલી બીજું કાંઈ જાણતા નથી.

૨૫.૧ સદર બંને પંચસાહેદોની સમગ્ર જુબાની વંચાણે લેતાં તેઓએ જુબાનીમાં મુદ્દામાલ હથિયાર કે આરોપીઓને ઓળખતા ન હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓએ તૈયાર લખેલા પંચનામામાં સહી કરેલી તે સિવાય બીજું કાંઈ જાણતા નથી તેવી સ્પષ્ટ હકીકત જણાવેલ છે. આમ સદર પંચસાહેદો પંચનામામાં ફકત તેઓની સહી પુરતુ માન્ય રાખે છે અને અન્ય હકીકત વિશે તેઓ જાણતા ન હોવાનું જણાવતા હોય આંક–૫૩ અને આંક–૫૪ થી રજુ થયેલા પંચનામાની હકીકત પુરવાર થતી નથી અને સદર પંચસાહેદોની જુબાની ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ બનેલ નથી.

૨૬ ફરીયાદ પક્ષ તરફે તપાસેલ સાહેદ નં.૧૨ ડૉકટર નયન પ્રતાપભાઈ ઠોળીયા આંક–૫૮ થી જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે ૨૦૧૫ ના વર્ષમાં તેઓ આર.એમ.એસ. હોસ્પિટલ ધંધુકા ખાતે ફરજ બજાવતા હતા દરમ્યાન તા.૩/૪/૧૫ ના રોજ તેઓની હોસ્પિટલમાં અબ્દુલ રહેમાન, મુસ્તાક ઈબ્રાહીમ અને મહમદ રફીક અબ્દુલભાઈનાઓ તેઓની હોસ્પિટલમાં સારવાર મેળવવા સારૂ આવેલા નથી. તેઓએ અન્ય કોઈ હોસ્પિટલમાં સારવાર મેળવી હશે.સદર ડૉકટર સાહેદની બચાવ પક્ષ તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલી નથી.

૨૬.૧ સદર સાહેદની જુબાની ધ્યાને લેતાં તેઓએ અબ્દુલ રહેમાન, મુસ્તાક ઈબ્રાહીમ અને મહંમદરફીક અબ્દુલભાઈ તેઓની હોસ્પિટલમાં સારવાર મેળવવા આવેલ નથી તેવી સ્પષ્ટ હકીકત જણાવેલ હોય તેઓ પાસેથી વધુ સમર્થનકારી પુરાવાની આશા રાખી શકાય નહી અને તેથી સદર ડૉકટર સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષને કોઈ સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

૨૭ ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૩ ડૉ. વોલેન્સ નાનજીભાઈ અસારી આંક–૭૩ થી જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે તેઓ સી.એચ.સી. ધંધુકા ખાતે છેલ્લા ૮ વર્ષથી મેડીકલ

ઓફીસર તરીકે ફરજ બજાવે છે. તા.૩/૪/૧૫ ના રોજ રાત્રીના ૮.૦૫ વાગે તેઓ ધંધુકા સી.એચ.સી.માં તેમની ફરજ પર હાજર હતા દરમ્યાન મો.રફીક અબ્દુલભાઈ ચોપડા ઉ.વ.૨૧ ઓ.પી.ડી.નં.૩૯ તથા એમ.એલ.સી.નં.૬/૨૪૭ નો કેસ કાઢેલ અને તેમની સારવાર અર્થે આવેલ. આ દર્દીને તેઓએ આઉટડોર પેશન્ટ તરીકે સારવાર આપેલી. દર્દીએ તેઓની રૂબરૂની હિસ્ટ્રીમાં જણાવેલ કે તા.૨/૪/૧૫ ના રોજ ૧૧ પી.એમ. વાગે મારામારી થયેલ જેમાં ઈજા જોતાં ડાબા હાથના અંગુઠા પર દુ:ખાવાની તેમજ પેટના ઉપરના ભાગ એપીગેસ્ટ્રીક રીજીયનમાં દુ:ખાવાની ફરીયાદ હતી, આ દર્દીને તેઓએ સારવાર માટે ટેબલેટસ આપેલી. આ સારવાર માટે તેઓએ સર્ટીફીકેટ આપેલ જે સર્ટીફીકેટ આંક–૬૦ થી રજુ થયેલ છે, જે તેઓને બતાવતાં તે તેઓએ તેઓના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ જેમાં તેઓએ તેમના હોદ્દાનો સિકકો તેઓની સહી કરેલી છે તે જ હોવાનું ઓળખી બતાવે છે.તે જ દિવસે એટલેકે તા.૩/૪/૧૫ ના રોજ રાત્રીના ૮.૦૫ વાગે દર્દી નામે મુસ્તાક ઈબ્રાહિમભાઈ ચોપડા ઉ.વ.૩૦ રહે. ધંધુકાનાઓ તેઓની પાસે સારવાર માટે આવેલા, તેમનો ઓ.પી.ડી.નં.૩૮ તથા એમ.એલ.સી. નં. ૫/૨૪૬ હતો. આ દર્દીને તેઓએ આઉટડોર પેશન્ટ તરીકે સારવાર આપેલી. તેઓએ તેમની રૂબરૂની હીસ્ટ્રીમાં જણાવેલ કે તા.૨/૪/૧૫ ના રોજ ૧૧ પી.એમ. વાગે મારામારી થયેલ. દર્દીને જમણા હાથના અંગુઠા પર, પેટમાં અને જમણી કોણી પર દુ:ખાવાની ફરીયાદ હતી. તે દર્દીને તેઓએ સારવાર માટે ટેબલેટસ આપેલી અને સારવાર માટે તેઓએ સર્ટીફીકેટ આપેલ જે સર્ટીફીકેટ આંક– ૬૧ થી રજુ થયેલ જે તેમને બતાવતાં તે તેઓના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ જેમાં તેઓએ તેમના હોદ્દાનો સિકકો મારી સહી કરેલ તે જ હોવાનું ઓળખી બતાવે છે.તે જ દિવસે એટલેકે તા.૩/૪/૧૫ ના રોજ રાત્રીના ૮.૦૫ વાગે દર્દી નામે અબ્દુલ રહેમાન ચોપડા ઉ.વ.૬૦ રહે ધંધુકાનાઓ તેઓની પાસે સારવાર માટે આવેલા, તેમનો ઓ.પી.ડી.નં.૩૭ તથા એમ.એલ.સી. નં. ૪/૨૪૫ હતો. આ દર્દીને તેઓએ આઉટડોર પેશન્ટ તરીકે સારવાર આપેલી. તેઓએ તેમની રૂબરૂની હીસ્ટ્રીમાં જણાવેલ કે તા.૨/૪/૧૫ ના રોજ ૧૧ પી.એમ. વાગે મારામારી થયેલ. દર્દીને જમણા આંખ ઉપર અને જમણી સાઈડે છાતીના ભાગે દુ:ખાવાની ફરીયાદ હતી. તે દર્દીને તેઓએ સારવાર માટે ટેબલેટસ આપેલી અને આ સારવાર માટે તેઓએ સર્ટીફીકેટ આપેલ જે સર્ટીફીકેટ આંક– ૫૯ થી રજુ થયેલ જે તેમને બતાવતાં તે તેઓના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ જેમાં તેઓએ તેમના હોદ્દાનો સિકકો મારી સહી કરેલ તે જ હોવાનું ઓળખી બતાવે છે. આ તમામ ઈજાઓ ઉપરોકત તમામ દર્દીઓને વાગવા કે પડવાથી થઈ શકે. <u>સદર સાહેદ તેઓની બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u> એ વાત ખરી છે કે આ ત્રણેય દર્દીઓને થયેલ ઈજા કાલ્પનિક પણ હોઈ શકે. એ વાત

ખરી નથી કે હિસ્ટ્રી દર્દીઓના કહેવા પ્રમાણે લખેલ નથી.

૨૭.૧ સદર ડોકટર સાહેદ કે જેઓએ સદર કામે ઈજા પામનાર સાહેદ અબ્દુલરહેમાન સુલેમાન ચોપડા(સાહેદ નં.૩,આંક–૪૦) મુસ્તાકભાઈ ઈબ્રાહીમભાઈ ચોપડા (સાહેદ નં.૪, આંક–૪૨), ફરીયાદી મહંમદરફીક અબ્દુલભાઈ(સાહેદ નં.૨, આંક–૩૮) ની સારવાર કરેલ છે અને સદર ડોકટર સાહેદે તેઓની જુબાનીમાં તમામ સાહેદોને થયેલ ઈજા અંગેના ત્રણેય સારવાર સર્ટીફીકેટ (આંક ૫૯ થી આંક–૬૧) સુધીના રજુ કરેલ છે. સદર ડોકટર સાહેદે બચાવ પક્ષની ઉલટતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે આ ત્રણેય દર્દીઓને થયેલ ઈજા કાલ્પનિક પણ હોઈ શકે. એટલેકે સદર સાહેદોને જયારે ડૉકટર સાહેદે તપાસ્યા ત્યારે ફકત તેઓને દુ:ખાવાની ફરીયાદ હતી અને તે ઈજા બાહય રીતે દેખી શકાય તેવી ન હોઈ ખરેખર તેઓને આવો દુ:ખાવો હતો કે કેમ તે કહી શકાય નહી અને તેથી સાહેદોની સારવાર કરતા સમયે સાહેદોને તેઓના કહેવા મુજબનો દુ:ખાવો હતો કે કેમ તે પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતું નથી. વિશેષમાં ઉપરોકત અબ્દુલ રહેમાનભાઈ, મુસ્તાકભાઈ તથા ફરીયાદી લાલાભાઈનાએ તેઓને કોઈ ઈજા થયેલ હોય કે સારવાર લીધેલ હોય તેવી કોઈ હકીકત તેઓની જુબાનીમાં જણાવેલ નથી તેમજ ડૉકટર સાહેદે એવી હકીકત જણાવેલ છે કે તમામ દર્દીઓને થયેલ ઈજાઓ વાગવા કે પડવાથી થઈ શકે એટલેકે દર્દીઓને થયેલ ઈજા વાગવા કે પડવાથી થઈ શકે તેવી સામાન્ય હતી અને ડૉકટરે કેસ પેપર્સમાં તેઓ રૂબરૂની હીસ્ટ્રીમાં તા.૨/૪/૨૦૧૫ ના રોજ ૧૧ પી.એમ. વાગે મારામારી થયેલ તેટલી જ હકીકત જણાવેલ છે અને તેમાં કોના ધ્વારા અને કેવી રીતે ઈજા થયેલી તે અંગે કાંઈ જણાવેલ નથી આ, ડૉકટર સાહેદની જુબાની ધ્વારા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

૨૮ ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૪ અ.હે.કો. કીરણસિંહ ઉદેસિંહ જાદવ, આંક–૭૪ થી જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે ૨૦૧૫ ની સાલમાં તેઓ ધંધુકા પો.સ્ટે.માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓના પો.સબ.ઈન્સ. તરીકે આર.બી.કરમટીયા સાહેબ ફરજ બજાવતા હતા અને તે તેઓના ઉપલા અધિકારી હોય તેમના હસ્તાક્ષરો અને સહી તેઓ ઓળખે છે. તા.૩/૪/૧૫ ના રોજ એક ફરીયાદ કે જેમા ફરીયાદીએ ઉઘરાણીના પૈસા બાબતે સામાવાળાએ માથાકુટ કરી ઈજા પહોંચાડયા બાબતની પી.એસ.આઈ.ના રૂબરૂની લઈ તેઓ તરફ ગુન્હો રજી. કરવા મોકલતા તેઓએ ધંધુકા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૦/૧૫ આઈ.પી.સી. ૩૨૩ વિગેરે મુજબ ગુન્હો નોંધી સ્ટેશન ડાયરીમાં નોંધ કરી એફ.આઈ.આર. ફાડેલી,

તેઓને આંક–૩૯ ની ફરીયાદ બતાવતાં તેમાં પી.એસ.આઈ. કરમટીયા સાહેબની સહી ઓળખી બતાવે છે. તેઓને આંક–૫૩નું ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ બતાવતાં તે ગુન્હાવાળી જગ્યા ધંધુકા, ખાંડાચોરા ખાતે આવેલી છે તેમાં બંને પંચોએ તેઓના અધિકારી સમક્ષ સહી કરેલી અને તેમાં તેઓના પી.એસ.આઈ.કરમટીયા સાહેબની સહી ઓળખી બતાવે છે. તેઓને આંક–૫૪ નું હથિયારનું પંચનામુ બતાવતાં તેમાં પણ તેઓના પી.એસ.આઈ.એ સહી કરેલી અને તેમના રૂબરૂ બે પંચોએ સહી કરેલી છે, કરમટીયા સાહેબની સહી તેઓ ઓળખી બતાવે છે. તપાસ દરમ્યાન તેઓના ઉપલા અધિકારીએ મેડીકલ સર્ટીફીકેટ મેળવી કામમાં સામેલ રાખેલ, તેઓને આંક–૫૯, ૬૦, ૬૧ નું સર્ટીફીકેટ બતાવતાં તે તપાસના કામે સામેલ રાખવામાં આવેલા તે જ છે તેમજ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય કરમટીયા સાહેબે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ તેમજ મુદ્દામાલ કોર્ટમાં હાજર છે તે જ છે. રેકર્ડ જોઈને જણાવે છે કે કરમટીયા સાહેબે સાહેદોના નિવેદન નોંધેલા.<u>સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે</u> એ વાત ખરી છે કે તેઓએ જે જુબાની આપી તે રેકર્ડના આધારે આપેલ છે. એ વાત ખરી છે કે તેઓએ જે જુબાની આપી તેમાં સાક્ષીના જવાબો, પંચનામા તેમજ અન્ય તપાસ બાબતે તેઓને જાતમાહિતી નથી.

૨૮.૧ આ ગુન્હાના કામે તપાસ કરનાર અધિકારી પી.એસ.આઈ. આર.બી. કરમટીયા જુબાની આપવા ન આવતાં સદર પોલીસ સાહેદ કે જેઓ પી.એસ.આઈ. કરમટીયા સાથે જે તે સમયે ફરજ બજાવતા હોય તેઓએ જુબાની આપેલ છે, સદર ગુન્હાના અસલ તપાસ કરનાર અધિકારીની સહી તેઓ ઓળખતા હોય તેઓએ રેકર્ડ પર આધારીત પોતાની જુબાની આપી રેકર્ડમાંની પી.એસ.આઈ. આર.બી.કરમટીયાની સહી ઓળખી બતાવેલ છે અને તેઓએ રેકર્ડના આધારે જ જુબાની આપેલ છે અને તેઓને તપાસ દરમ્યાનની કાર્યવાહી વિશે કોઈ જાતમાહિતી ન હોવાનું જણાવેલ છે. તેથી સદર સાહેદે જે જુબાની આપેલ છે તેનાથી ફકત દસ્તાવેજી પુરાવાની સહીઓ જ પુરવાર થાય છે તેથી વિશેષ કોઈ હકીકતને સમર્થન મળતું હોવાનું જણાતું નથી. તેવા સંજોગોમાં સદર સાહેદની સમગ્ર જુબાની જોતાં ફરીયાદ પક્ષને આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરવામાં ફળદાયી નીવડતી નથી.

**૨૯. આ તબકકે અહીંયા ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪ તથા ૫૦૬(૨) મુજબ ની વ્યાખ્યા અને તેના તત્વો જોવામાં આવે તો તે નીચે મુજબ છે.**

***<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭ ::</u>***

કોઈ પણ વ્યકિત, હુલ્લડ માટે દોષિત હોય તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

*ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૮::*

*કોઈપણ વ્યકિત– પ્રાણઘાતક હથિયાર ધારણ કરીને અથવા તેવી વસ્તુ જે ગુન્હાના હથિયાર તરીકે વપરાતી હોય અને જેનાથી મૃત્યુ નીપજી શકે– હુલ્લડ માટે દોષિત હોય તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.*

*તત્વો ::*

*૧. પાંચ અથવા તેથી વધુ વ્યકિતની બનેલી મંડળી કે જેનો હેતુ કલમ ૧૪૧ માં દર્શાવેલા હેતુઓ પૈકી એક અથવા તેથી વધુ હોય,*

*૨. આરોપી તેવી ગેરકાનૂની મંડળીના સભ્ય હોય,*

*૩. સામાન્ય હેતુ પાર પાડવાના અનુસંધાને બળ અથવા હિંસાનો ઉપયોગ થયો હોય અને તેનો ઉપયોગ ગેરકાનૂની મંડળી દ્વારા અથવા તો તેના કોઈ સભ્ય દ્વારા કરવામાં આવ્યો હોય કે જેથી હુલ્લડનો ગુન્હો બને,*

*૪. આરોપી ગેરકાનૂની મંડળીના સભ્ય હોવા ઉપરાંત હુલ્લડ સમયે પ્રાણઘાતક હથિયાર અથવા કોઈ વસ્તુ કે જેનો ગુન્હો કરવા માટે ઉપયોગ થઈ શકે કે જે વડે મૃત્યુ નીપજાવી શકાય તે ધારણ કરીને હાજર હોય.*

*ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૯ ::*

*ગેરકાનૂની મંડળીનો પ્રત્યેક સભ્ય સામાન્ય હેતુ પાર પાડવા માટે આચરાતા ગુન્હા અંગે દોષિત.:–*

*ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે તે મંડળીના સભ્યથી કોઈ ગુન્હો થાય અથવા તે હેતુ પાર પાડવા માટે જે ગુન્હો થવાનો સંભવ હોવાનું તે મંડળીના સભ્યો જાણતા હોય તેવો ગુન્હો થાય તો તે થવા સમયે તે મંડળીની સભ્ય હોય તેવી પ્રત્યેક વ્યકિત તે ગુન્હા માટે દોષિત છે.*

*તત્વો ::*

*૧. ગેરકાનૂની મંડળીનું અસ્તિત્વ એટલે કે કલમ ૧૪૧,*

*૨. ગુન્હો બનવા સમયે આરોપી ગેરકાનૂની મંડળીના સભ્ય હતા એટલે કે કલમ ૧૪૨,*

*૩. આરોપી ઈરાદાપૂર્વક ગેરકાનૂની મંડળીમાં જોડાયા અથવા તેમાં ચાલુ રહયા,*

*૪. ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ શું હતો તે આરોપીની જાણમાં હતું તથા તે પણ તેવો સામાન્ય હેતુ ધરાવતો હતો,*

*૫. કોઈ ગુન્હો તેવી ગેરકાનૂની મંડળીના સભ્ય દ્વારા આચરવામાં આવ્યો,*

*૬. આવો ગુન્હો ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે આચરવામાં આવ્યો હતો, અથવા*

૭. આરોપીને એ હકીકતની જાણ હતી કે ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે આવો ગુન્હો આચરવામાં આવે તેવી સંભાવના છે.

<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩ ::</u>

સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા --

કોઈપણ વ્યકિત, કલમ ૩૩૪ માં જણાવેલાં સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

તત્વો ::

૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા,

૨. આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપૂર્વક કર્યુ હતું.

<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ ::</u>

સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન --

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈપણ વ્યકિત ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

તત્વો ::

૧. આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ,

૨. તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬ (૨)::</u>

ગુન્હાહિત ધમકીની સજા --

કોઈપણ વ્યકિત, ગુન્હાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

તત્વો ::

૧. આરોપીએ ફરિયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિતમાં હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી,

૨. આવી ધમકી ફરિયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂન બધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવું કૃત્ય

*ન કરે,તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રહીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.*

૩૦. આમ, સમગ્ર રીતે ફરીયાદ પક્ષ તરફથી રેકર્ડ ઉપર આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી તેમજ ઈજા પામનાર સાહેદ તેમજ બનાવ સમયે હાજર હોય તેવા તમામ સાહેદો જોઈએ તો તેમાં ફરીયાદી લાલાભાઈ અબ્દુલભાઈ ચોપડા (આંક-૩૮) તે અન્ય ઈજા પામનાર સાહેદો દાઉદભાઈ સુલેમાનભાઈ ચોપડા(આંક-૩૭)ના ભત્રીજા, સાહેદ અબ્દુલરહેમાન સુલેમાનભાઈ ચોપડા(આંક-૪૦)ના પુત્ર તેમજ સાહેદ મુસ્તાકભાઈ ઈબ્રાહીમ ભાઈ ચોપડા(આંક-૪૨) ના મામાના દીકરા ભાઈ થાય છે, આમ ફરીયાદી કે જેઓ પોતે પણ સદર બનાવમાં ઈજા પામનાર છે. આ સિવાય અન્ય જે સાહેદો જે તપાસવામાં આવેલા છે તેમાં સાહેદ ફાતીમાબેન દાઉદભાઈ ચોપડા (આંક-૪૬) તે ફરીયાદીના કાકી થાય છે. આમ તમામ સાહેદો કૌટુંબિક સંબંધ ધરાવતા સાહેદો સદર કામે તપાસવામાં આવેલા છે તેમ છતાં એક સાહેદે તેમના મૌખિક પુરાવામાં ફરીયાદ આંક-૩૯ મુજબના બનાવ હકીકતને સમર્થન કરતી તેમજ બનાવને સાંકળતી કોઈ હકીકત જણાવેલ નથી. ત્યારબાદ પંચસાહેદોએ પંચનામામાં માત્ર તેમની સહી જ કબુલ રાખેલ છે. આમ, બનાવ બન્યો તે સમયે હાજર હતા તેવા સાહેદો સોહીલભાઈ રહેમાનભાઈ ચોપડા (આંક-૪૩) અને સાહેદ યાકુબભાઈ રહેમાનભાઈ ચોપડા (આંક-૪૫) નાઓએ બનાવ વિશે કોઈ હકીકત જણાવેલ નથી અને તેઓએ કાંઈ જોયેલ ન હોવાનું જણાવેલ છે, વિશેષમાં સદર કામે ભોગ બનનાર એટલેકે ફરીયાદી તેમજ ઈજા પામનાર સાહેદોએ બનાવમાં તેમને કોઈ ઈજા થયેલ હોવાની હકીકત જણાવેલ નથી અને તેઓના મૌખિક પુરાવામાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકીકત જ જણાવેલ હોય ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનવા પામેલાનું સ્પષ્ટ થયેલ નથી. વિશેષમાં સદર કામે ડૉકટર વોલેન્સ નાનજીભાઈ અસારીની જુબાની દ્વારા ફરીયાદી તથા સાહેદોને સારવાર આપેલાનું જણાવાયેલ છે, પરંતુ સદર સારવાર લેનારા સાહેદોએ તેમના મૌખિક પુરાવામાં તેઓને કોઈ ઈજા થયેલ ન હોવાનું સ્પષ્ટ જણાવેલ હોય તેવા સંજોગોમાં ફરીયાદી કે અન્ય સાહેદોના મૌખિક પુરાવા દ્વારા તેઓને બનાવમાં કોઈ ઈજા થયેલાની હકીકતને સમર્થન મળતું નથી. વધુમાં સદર કામે તપાસ કરનાર અધિકારીનાઓના બદલે અ.હે.કો. કિરણસિંહ ઉદેસિંહ જાદવ (આંક-૭૪) થી તપાસવામાં આવેલા

છે અને તેઓએ રેકર્ડ આધારીત જુબાની આપેલ છે અને પી.એસ.આઈ. આર.બી.કરમટીયા તેઓના ઉપલા અધિકારી હોય તેઓની સહી તેઓ ઓળખી બતાવે છે તે સિવાયની તમામ હકીકત તેઓએ રેકર્ડ જોઈને બતાવેલ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. આથી સદર ગુન્હાની તપાસ કરવામાં આવેલ છે તે તપાસનીશ અધિકારીનો પુરાવો સદર કામે રેકર્ડ પર આવેલ નથી. આથી ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનું ઝીણવટભરી રીતે મૂલ્યાંકન કરીએ તો, આ કામના આરોપીઓએ પોતાનો ગુનાહિત ઈરાદો પાર પાડવા માટે ગેરકાયદેસર મંડળી રચી હથિયારો ધારણ કરી ફરીયાદી તથા સાહેદોને લાકડીઓ તેમજ ગડદા પાટુનો માર મારી તેમજ બિભત્સ ગાળો બોલી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ ઉપરોકત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર ફરિયાદ પક્ષ આરોપીઓ સામે આક્ષેપાયેલા ભારતીય દંડ સંહિતાની કલમ−૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુન્હાના કોઈ આવશ્યક તત્વો અસ્તિત્વ ધરાવતા હોવાનું પુરવાર કરવામાં સદંતરપણે નિષ્ફળ રહેલ હોય મુદ્દા નં. ૧ થી મુદ્દા નં. ૪ નું તારણ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૫ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**−:: હુ ક મ :−**

૧) આ કામના આરોપી નં. ૧) યુનુસભાઈ ઉસ્માનભાઈ પટેલ, (૨) ઈકબાલભાઈ કાળુભાઈ પટેલ, (૩) વારીસભાઈ ઈકબાલભાઈ પટેલ, (૪) વાહિદભાઈ ઈકબાલભાઈ પટેલ, (૫) ભોલાભાઈ અસ્માલભાઈ પટેલ, (૬) ઈરફાનભાઈ ઉસ્માનભાઈ પટેલ, (૭) ઉસ્માનભાઈ ગનીભાઈ પટેલ, તમામ રહે. ધંધુકા, તા.ધંધુકા, જી.અમદાવાદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧) હેઠળ ભારતીય દંડ સહિતાની કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુન્હામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) અપીલ પીરીયડ બાદ સદર કામે કબજે કરેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આરોપીઓ ચાલુ કામે જામીન ઉપર હોઈ તેમના જામીનખત તથા જાતમુચરકા કેન્સલ કરી હાજર રહેવામાંથી મુકત કરવામાં આવે છે.

૪) ક્રિમીનલ પ્રોસીજર કોડની નવી સુધારેલી કલમ ૪૩૭(એ) ની જોગવાઈઓ અને શરતો મુજબ દરેક આરોપીએ રૂા. ૫૦૦૦/– અંકે રુપીયા પાંચ હજાર પુરાના જાત મુચરકા તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહીનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૫ મી માહે ડીસેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૫/૧૨/૨૦૧૮
અમદાવાદ.

(ડો.અશોકકુમાર ચીમનલાલ જોષી)
[U.I.C. NO. GJ00095]
સેશન્સ જજ,અમદાવાદ(ગ્રામ્ય)

યુ.એ.પંડયા,
પી.એ.